# 13 પરાજયની જીત

- પ્રહ્લાદ પારેખ

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. કલિંગ વિજય પછી રાજાને કેવી ઊર્મિ સ્ફૂરી?

2. કલિંગ દર્શન સમયે રાત્રે અશોકે અચાનક મશાલચીઓને શી આજ્ઞા કરી?

3. રાજાના અંતરે નવી શ્રદ્ધા કયા સમયે પ્રગટી?

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખોઃ**

1. શિબિરે પાછા ફર્યા પછીની રાજાની શારીરિક સ્થિતિ વર્ણવો.

2. સવારે રાજાના અંતરમાં કેવી શ્રદ્ધા પ્રગટી ઊઠી.

3. 'જે જીતે નવ જીતિયાં મનુજનાં હૈયાં નહીં જીત એ' - પંક્તિ સમજાવો.

**નીચેના પ્રશ્નોના ઉત્તર આશરે સો શબ્દોમાં લખોઃ**

1. શિબિરે પરત ફર્યા પછી અશોકનું મનોમંથન આલેખો.

2. યુદ્ધ પછીની કલિંગ નગરીનું રાજાની નજરે થયેલું દર્શન તમારા શબ્દોમાં આલેખો.

3. કાવ્ય પ્રારંભે ધ્વસ્ત કલિંગ નગરીનું કવિએ કરેલું વર્ણન આલેખો.

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર પૂરા વાક્યમાં લખોઃ**

1. 'પરાજયની જીત' કાવ્યના કવિનું નામ અને કાવ્યનો પ્રકાર લખો.

2. આ કાવ્યમાં પ્રત્યક્ષ થતાં પાત્રો કયાં-કયાં છે?

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરી લખોઃ**

1. આજથી <u>કરને</u> મારા રહેશે ધર્મની છડી.
2. જાણ્યો નહોતો કદીયે <u>જયમાં</u> અર્થ ભેંકાર એવો.
3. અજંપો ઉગ્ર <u>રાજાને</u> હૈયાને આજ રહે દમી.

**નીચેનાં વાક્યોને માગ્યા પ્રમાણે પરિવર્તન કરીને લખોઃ**

1. રાજા આવી ગયા. (ભાવેરચના બનાવો.)
2. અશોકનૃપે મશાલચીઓને પરત ફરવા કહ્યું. (કર્મણિવાક્ય બનાવો.)
3. ક્ષણાર્ધ પાય થંભ્યા ને ચિત્ત ચડ્યું વિમાસણે. (વાક્ય ફરી લખી સંયોજક નીચે લીટી કરો.)

**નીચેનાં વાક્યોને લેખનરૂઢિ અને ભાષાદષ્ટિએ સુધારીને ફરીથી લખોઃ**

1. ગયા તેજને આવીયો અંધકાર.
2. ભયંકર હતી લડાય, સહુ નાદ શસ્ત્રો તણા.
3. આજથી કર માં મારા રહેશે દ્ધર્મની છડી.

**નીચેના દરેક શબ્દના બે-બે સમાનાર્થી શબ્દો લખોઃ**

1. જુદ્ધ - ________ ________
2. ઈંગિત - ________ ________
3. દીપ્તિ - ________ ________
4. પ્રાણ - ________ ________

**નીચેના શબ્દોનો અર્થભેદ દર્શાવો.**

1. કંથા - ________ કથા - ________
2. વડી - ________ વંડી - ________
3. સરસ - ________ સ-રસ - ________

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દને સ્થાને વિરુદ્ધાર્થી શબ્દ લખી અર્થ બદલાય નહીં તે રીતે વાક્ય ફરીથી લખોઃ**

1. અશોકનૃપ પામિયો છે જય.
________
2. આજથી કરમાં મારા રહેશે ન અધર્મની છડી.
________
3. મશાલચીઓ ધીમા ડગલે ચાલે છે.
________

**નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખોઃ**

1. જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ -
2. મશાલ વડે અજવાળું પાથરનાર વ્યક્તિ -
3. શંકર ભગવાનનું ભયંકર નૃત્ય -
4. હૃદયપૂર્વક થતો પસ્તાવો -

**નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરોઃ**

1. પાણી મૂકવું - ________
________
2. કાળજું ફાટી જવું - ________
________

**નીચેની પદ્યપંક્તિઓને કૃતિના આધારે વિચારવિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખોઃ**

1. ચાલો, સૌ શિબિરે પાછા, ભૂપ આજ્ઞા પછી કરે.
2. કલિંગ પડિયું, અશોકનૃપ પામિયો છે જય.
3. આજથી કરમાં મારા રહેશે ધર્મની છડી.
4. અજંપો ઉગ્ર રાજાના હૈયાને આજ રહે દમી.

1. ________
2. ________
3. ________
4. ________

•